## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




છુટ્ટા પૈસા નથી... ચોકલેટ આપીશ તો તમે સાહેબને કમ્પ્લેઇન કરશો... લો આ પાણી... ફરી એકવાર જઈ આવો...!!

# જી.આઈ.ડી.સી વિસ્તારમાં ગાબડાગ્રસ્ત રસ્તાઓના નવિનીકરણનુ કામ તંત્ર માટે મુશ્કેલ

## સે-૨૮ જી આઈ ડી સીમાં મેટલીંગ કામ બાદ રસ્તાઓનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં રસ્તાઓની સુધારણાના બાકી કામો હાથ ધરવામાં આવ્યા છે. શહેરના મુખ્ય ઘ માર્ગને ચકાચક બનાવાનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે દાયકાઓના અંતે સે-૨૮ જી આઈ ડી સીના રસ્તાઓની સુધારણાનુ કામ ટુંકમાં શરૂ કરવામાં આવશે. જી આઈ ડી સી વિસ્તારમાં માર્ગોનુ અસ્તિત્વ જ જાણે ભુંસાઈ ગયુ છે. ત્યારે ગાબડાગ્રસ્ત સ્થિતિ વચ્ચે મેટલ કામ કરીને રસ્તાનુ કામ કરવુ પડે તેવી સ્થિતિ છે.

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ માર્ગોની સુધાણા તેમજ બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જયારે આ દરમિયાન શહેરી વિસ્તારના ઘણાં ખરા રસ્તાઓનુ કામ બાકી રહી ગયુ હતુ.જયારે માર્ગ સુધારણાની બાકી કામગીરી પુર્ણ કરવા માટે તંત્ર દ્વારા વિભાગ સમક્ષ દરખાસ્ત કરવામાં આવી હતી. જેને અનુલક્ષી વિભાગના પ્લાન્ટના આધારે રસ્તાઓના નવિનીકરણનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં શહેરના મુખ્ય ઘ માર્ગનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે હવે રોડનં ૪ બી તેમજ સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારના કામો હાથ ધરવામાં આવશે. જો કે જી આઈ ડી સી વિસ્તારમાં દાયકાઓથી માર્ગ સુધારણા ન થતા રસ્તાઓનુ અસ્તિત્વ જાણે ભુંસાઈ ગયુ હોય તેવુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે આ વિસ્તારમાં માર્ગોની મરામત તેમજ પેવરીંગનુ કામ કરવુ તંત્ર માટે મુશ્કેલ બન્યુ છે. જી આઈ ડી સી વિસ્તારમાં ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમા આવ્યા હોવાથી તંત્ર દ્વારા પ્રથમ મેટલીંગ કરીને લેવલીંગ કર્યા બાદ માર્ગોનુ કામ કરવુ પડે તેવી સ્થિતિ છે. ત્યારે આ માર્ગોની મરામતનો ખર્ચ વધી જાય તેવી પણ સંભાવના છે. ઘ માર્ગનુ કામ પુર્ણ થતા હવે ટુંક સમયમાં આ કામગીરી શરૂ કરવામાં આવશે. સેકટરોના આંતરિક માર્ગોની હાલત પણ કફોડી બની છે. જેમાં ખાસ કરીને નવા સેકટરોમાં રસ્તાઓનુ નવિનીકરણ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.




## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લાના તબીબી અધિકારીઓની આજે યોજાયેલી સમીક્ષા બેઠકમાં અધિક નિયામક શ્રી ડૉ. ધોળકિયા હાજર રહ્યા હતા અને તમામ લક્ષ્યાંકો સિદ્ધ થાય તે રીતે કામગીરી કરવાની સલાહ આપી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પશુપાલન અધિકારી ડૉ. ડી.એન. પટેલ તેમજ વિધાનસભામાં પ્લમ્બર તરીકેની સેવાઓ આપતા શ્રી અરજણજી મકવાણા આજે લાંબી સેવાઓ બાદ વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લાના આમજા ખાતે આજે પશુપાલકોની એક શિબિર યોજાઈ હતી જેમાં ૩૦૦થી વધુ પશુપાલકો હાજર રહ્યા હતા.

● ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં તાલુકા પંચાયતનું કાચુ બજેટ તૈયાર કરી જિલ્લાના અવલોકનાર્થે મોકલવાનો નિર્ણય લેવા ઉપરાંત રાંદેસણના મહિલા સરપંચના રાજીનામાને માન્ય રાખવામાં આવ્યું હતું.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં હવામાનમાં આવેલા બદલાવને પગલે શરદી-ગળામાં તકલીફોના દર્દીઓની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો આજે છેલ્લો દિવસ છે આજે ૮ ગ્રામસભાઓ યોજાશે.

● ૩૧મીએ યોજાનાર ગાંધીનગર મેરેથોનમાં શહેરના જાણીતા તબીબો સહિત યુવાઓ મોટી સંખ્યામાં જોડાવાના છે આ અંગેની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પહોંચી છે.

# રખિયાલમાં વ્યસનમુકિત સહિત મસા-પથરી માટે હોમીયોપેથી સારવાર કેમ્પ યોજાયો

દહેગામ, તા.૨૯

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રખિયાલ ખાતે આજે યોજાયેલ હોમીયોપેથી સારવાર કેમ્પને સારો પ્રતિસાદ મળ્યો છે.

સામુહિક આરોગ્ય કેન્દ્ર, મુ. રખિયાલ તા. દહેગામ જિ. ગાંધીનગર ખાતે તમાકુ વ્યસન, મસા અને પથરી જેવા રોગો માટે હોમીયોથીક નિદાન સારવાર કેમ્પનું આયોજન રાખવામાં આવેલ હતું. તેમાં તમાકુ વ્યસનના ૨૨ દર્દીઓ, કિડનીની પથરીના ૪૮ દર્દીઓ અને મસાના ૨૭ દર્દી એમ કુલે ૯૭ લાભાર્થીએ લાભ લીધેલ હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, દહેગામ ધારાસભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડ, દહેગામ જિલ્લા પંચાયત સદસ્ય શ્રી જગતસિંહ તેમજ દહેગામના અગ્રણીઓ તેમજ જાગૃત નગરજનો હાજર રહેલ હતા.

આ કાર્યક્રમમાં હોમીયોપેથી પદ્ધતિથી નિદાન ચિકિત્સા કેમ્પમાં ૯૭ જેટલા લાભાર્થીએ લાભ લીધેલ તેમાં હોમીયોપેથીક મે.ઓ. ડૉ. પ્રકાશ પંડયા, ડૉ. ઘનશ્યામ પ્રજાપતિ, ડૉ. મહેશ વી. દેસાઈ અને આયુષ મે.ઓ. ડૉ. રવિ અને ડૉ. નેહલ એ સેવાઓ આપેલ હતી.

# નારેશ્વર મંદિરના પાટોત્સવ નિમિત્તે ગાંધીનગરથી પદયાત્રા

ગાંધીનગર, તા. ૨૯

નર્મદા નદીના કિનારે નારેશ્વર ખાતે પૂ. રંગ અવધૂત મહારાજના આશ્રમનો પાટોત્સવ વસંત પંચમીએ તા. ૧૨મી ફેબ્રુઆરીએ યોજાશે. આ પાટોત્સવમાં ભાગ લેવા માટે ગાંધીનગર અને અમદાવાદના ભાવિકો પદયાત્રા સ્વરૂપે નારેશ્વર પહોંચશે. સેકટર-૨૮ના દત્ત મંદિરથી પાલખી, રથ, ધજાઓ સાથે તથા સોલા ભાગવત રંગ મંદિરથી તા. ૩જી ફેબ્રુઆરીના રોજ પદયાત્રાનો પ્રારંભ થશે. આ પદયાત્રા મણિનગર ખાતેના દત્તમંદિર થઈને વાયા અમદાવાદના ઈશનપુરથી તા. ૪ ફેબ્રુઆરીના રોજ ચોશર-લાલી-મહિજ-રંગપુરા રંગમંદિરના સ્થાનમાં દર્શનાર્થે જવા નીકળશે. નડિયાદ-બોરીયાઈ-આણંદ-વડોદરાના ભૂતડી ઝાંપાના રંગ મંદિરેથી પોરના રંગ વિશ્રામ ખાતેના પદયાત્રીઓ દ્વારા સામુહિક પાદૂકા પૂજન કરી તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ નારેશ્વર પહોંચશે. પદયાત્રીઓનું ગામે ગામથી રંગ પરિવાર દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવશે.




ગાંધીનગર તાલુકાના આલમપુર ગામે પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ હતી. જેમાં ગામની સુક્ષિત દિકરી બિન્દુ જિતેન્દ્રકુમાર રાઠોડના હસ્તે ધ્વજવંદન કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બિન્દુ કુડાસણ વિસ્તારમાં મોટરસાયકલ રીપેરીંગનું ગેરેજ ચલાવે છે. બિન્દુના હસ્તે રાષ્ટ્રધ્વજ લહેરાવાતા પરિવારજનો ધન્યતાની લાગણી અનુભવી રહ્યા છે.

# એલડી એન્જિનીયરીંગમાં પીવાના પાણી બાબતે આવેદનપત્ર અપાયું

ગાંધીનગર, તા. ૨૯

આજરોજ એન.એસ. યુ. આઈ. દ્વારા એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજમાં પ્રિન્સીપાલ જી.પી. વડોદરિયાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. છેલ્લા એક વર્ષથી એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજમાં આવેલી કેન્ટીનમાં પીવાના પાણીની સગવડ જ નથી. જ્યારે કેન્ટીનનો કોન્ટ્રાક્ટ જેને આપવામાં આવ્યો છે ત્યારે તે કોન્ટ્રાક્ટ દ્વારા ફરજીયાત પણે પીવાના પાણીની બોટલનું વેચાણ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓના સ્વખર્ચે આ પ્રકારનો વધારાનો ખર્ચ કરવો પડે છે. જ્યારે પીવાના પાણીની સુવિધા એ એક પ્રાથમિક સુવિધાનો જ ભાગ છે. એ સંદર્ભે તાત્કાલિક ધોરણે વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવે. આ જ રજૂઆત એક વર્ષ પહેલા પણ કરવામાં આવી હતી. પરંતુ આજ દિન સુધી આ પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં આવી નથી. વિદ્યાર્થીઓને નાસ્તો કે જમ્યા પછી પણ પાણીની બોટલ ખરીદીને પોતાની જરૂરિયાત પુરી કરવી પડે છે. તો તેનું તાત્કાલિક નિરાકરણ કરી વિદ્યાર્થીઓને પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં આવે. ગુજરાતની સૌથી મોટી એન્જીનીયરીંગ કોલેજ માટે આ એક શરમજનક ઘટના છે. જો આ પ્રકારની પ્રાથમિક સુવિધા પુરી પાડવામાં નહી આવે તો એન.એસ.યુ.આઈ. દ્વારા કેન્ટીનની તાળાબંધી કરવામાં આવશે અને જરૂર પડશે તો વિદ્યાર્થીઓના હિતમાં આંદોલનાત્મક કાર્યક્રમ કરવામાં આવશે.



ગાંધીનગર જિલ્લામાં રેડક્રોસ સોસાયટી દ્વારા પક્ષીઓ માટે જોખમરૂપ લટકી રહેલ પતંગની દોરીઓ ઉતારી લેવાનો સેવાશ્રમ યજ્ઞ હાથ ધરાયો હતો. આ સેવાકાર્ય દરમ્યાન એકત્ર કરાયેલ દોરીના ગુંચડાઓનો માણસા તાલુકાના ઈટાદરા ખાતેની પ્રાથમિક શાળાના બાળકોએ નાશ કર્યો હતો. આ પ્રસંગે બાળોકોને રેડક્રોસ તરફથી શૈક્ષણિક કીટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ સેવા કાર્યમાં રેડક્રોસના ખજાનચી જીલુભા ધાંધલ તથા શાળા મેનેજીંગ કમિટીના જે.એન. પરીખ, આચાર્ય ભરતભાઈ પ્રજાપતિ, કૌશિક ભટ્ટ, રામસિંગ પરમાર વગેરેનો સહયોગ સાંપડ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે ગાંધીનગરની સે. ૨૨ની પ્રાથમિક શાળાના બાળકોએ પણ આચાર્યા તારાબેનના પ્રેરક સહયોગથી દોરીના ગુંચડાઓ નાશ કરવાનું સેવાકાર્ય કર્યું હતું.

# સરકારી મિલકતો પાસેથી વેરા વસૂલી માટે તંત્રના ઉદાસીન વલણની ટીકા કરતા પ્રવિણ પટેલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં આવેલી સરકારી મિલ્કતોના મિલ્કતવેરાની બાકી વસુલાત સામે આજે સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણ પટેલે ઉગ્ર રોષ વ્યક્ત કરી ઉદાસીન વલણની આકરી ટીકા કરી છે.

તેમણે જણાવ્યું છે કે જે બિલોની વસુલાત બાકી છે તેમાં ૫૦ ટકાથી વધુ બિલો સરકારી મિલ્કતોના છે. તંત્ર દ્વારા વેરાવસુલી માટે સામાન્ય જનતા અને સરકારી મિલ્કતો સામે અલગ-અલગ વલણ અખત્યાર કરવાની રીત કોઈપણ સંજોગોમાં સાંખી શકાય તેમ નહિ હોવાનું જણાવ્યું છે. તેમણે સફાઈચાર્જમાં કરાયેલા વધારાનો વિરોધ પણ આ નિવેદનમાં કરી તાત્કાલિક પાછો ખેંચવા સ્થાયી સમિતિને અપીલ કરી છે.

વહીવટીતંત્ર દ્વારા ગઈકાલે ગાંધીનગર મહાનગરપાલિકાનું વાર્ષિક અંદાજપત્ર સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરેલ છે. જેમાં કરોડો રૂપિયાનો કમરતોડ ગાંધીનગરની પ્રજા ઉપર કરવેરા નાખેલ છે. અને સફાઈચાર્જમાં પણ અસહ્ય વધારો કરેલ છે. તે તદ્દન અયોગ્ય છે. એક તરફ આકારણી વિભાગ દ્વારા કરોડોની વસુલાત કરેલ નથી અને જેના કારણે પાછલી બાકી વેરાની રકમ દિવસે ને દિવસે વધતી જાય છે. આકારણી વિભાગ તેમજ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા શહેરના નાગરિકો વેરા ના ભરે તેમની મિલકતો શીલ કરવામાં આવે છે અને બીજી બાજુ જ્યારથી આકારણી શરૂ થઈ ત્યારથી આર.એન્ડ.બી. વિભાગ દ્વારા સરકારી ટેક્ષના બાકી લેણા પેટે એક પણ પૈસો આવેલ નથી.

જો સરકાર તરફથી બાકી ટેક્ષના નાણા ભરવામાં આવે તેમજ તંત્ર દ્વારા એકજ નીતિ રાખવામાં આવે, તો વેરા વધારાની સહેજ પણ જરૂરીયાત નથી. ગયા વર્ષે કમિશ્નરશ્રીએ તેમજ રાજકીય વહીવટી પાંખ દ્વારા કેપીટલ બજેટમાં મોટી રકમ મુકી શહેરનું ગુલાબી ચિત્ર રજુ કર્યું હતું. તેમાંથી મોટાભાગના કામો થયા નથી અને વહીવટીતંત્ર પણ ગયા વર્ષના સુચવેલ કામો સુચવવામાં ઘણું ઉણુ ઉતર્યું છે. તે ગંભીર બાબત છે. કોર્પોરેશનની નબળી કામગીરીના કારણે સરકારની મિલકતોના સરકાર વેરા ભરતી નથી. મુખ્ય માર્ગો કોર્પોરેશનને સુપ્રત કર્યા નથી, ફક્ત સરકારને જ ખુશ રાખવા માટે રાજમાર્ગોસફાઈ કરીને કોર્પોરેશન સંતોષ અનુભવે છે. અને જે નગરજનો વેરા ભરે છે, તેવા અંદરના માર્ગોમાં તથા સોસાયટીઓના રસ્તામાં ઠેર ઠેર કચરાના ઢગલા દેખાય છે. તેથી અંદરના માર્ગોમાં સફાઈ તેમજ નગરજનોને સંતોષ ન થાય ત્યાં સુધી મુખ્ય માર્ગોમાં સફાઈ બંધ કરી દેવી જોઈએ. અને કોર્પોરેશનમાં કરોડો રૂપિયા પડી રહ્યા છે, તે નાણાં વાપરવા માટે જમીનની માંગણી કરવી જોઈએ. સરકારના બાકી નાણાંની વસુલાત કરવી નથી, અને પ્રજા પર વેરો નાંખવો છે તે તદ્દન ગેરવ્યાજબી છે.

સરકાર તરફથી મળતી પ્રત્યક્ષ તેમજ પરોક્ષ કરવેરાના ગ્રાન્ટના નાણાં પણ જમીનના અભાવે તેમજ જવાબદારી સોંપવામાં ન આવેલ હોવાને કારણે કરોડો રૂપિયા વાપરી શકાતા નથી.

## બ્રહ્મસમાજની બેવસાઈટનું લોન્ચીંગ

ગાંધીનગર, તા. ૨૯

પરશુરામ ફાઉન્ડેશન દ્વારા નિર્મિત બ્રહ્મસમાજ માટે જીવનસાથી પસંદગીના પ્રશ્નને હલ કરવા માટે એક માત્ર વિશ્વાસપાત્ર વેબસાઈટ : www.samastbrahmsamaj.com નું લોન્ચીંગ શ્રી શૈલેષભાઈ જોષી (પ્રમુખ : શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ, (રાજ્યકક્ષા)ના હસ્તે કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત ખાતેની અલગ અલગ બ્રહ્મસમાજની અગ્રગણ્ય સંસ્થાઓ તથા ગુજરાત અને ગુજરાતથી બહારના જિલ્લાઓ અને રાજયમાંથી બ્રહ્મસમાજના આગેવાનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

## આજે ભવન્સ કોલેજ ખાતે 'મામેરૂ મહેતા તણુ' નાટક ભજવાશે

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આદ્યકવિ નરસિંહ મહેતાની જન્મ જયંતિ અવસરે પ્રેમાનંદ રચિત 'કુંવરબાઈનું મામેરૂ' પરથી રચાયેલ સંગીતસભર નાટક 'મામેરું મહેતા તણુ' ૩૦મી જાન્યુ.એ રાત્રે ૮ કલાકે ખાનપુરમાં ભવન્સ કોલેજના ઓડિટોરિયમ ખાતે ભજવાશે.




ગાંધીનગર સિવિલમાં છેલ્લા ૪૦ વર્ષથી ફરજ બજાવતા પુષ્પાબેન રમણલાલ સોની વયનિવૃત્ત થતા તેમનો વિદાય સમારોહ આજરોજ યોજાયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓએ પુષ્પાબેનની ૪૦ વર્ષની દીર્ઘકાલીન સેવાઓને બિરદાવી હતી. અને તેમનું નિવૃત્ત જીવન સુખમય નિવડે તેવી શુભેચ્છા પાઠવી હતી. સિવિલના સ્ટાફ દ્વારા પુષ્પાબેનનું મોમેન્ટો અને ફૂલહારથી અભિવાદન કરાયું હતું. સાથી કર્મીઓએ પુષ્પાબેનને ફૂલ આપી શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે કર્મચારીઓમાં લાગણીસભર દશ્યો સર્જાયા હતા. આ પ્રસંગે સિવિલના આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહ, રાજેન્દ્ર ચૌહાણ, જયંતિભાઈ આહીર (પીઆરઓ) વહીવટી અધિકારી બી.એમ. કટારા, એસ.આઈ. ભરત બારોટ, કચેરી અધિક્ષક ડી.કે. વણકર, ડૉ. દિનકર ગોસ્વામી, ડૉ. નાયક સહિત મોટી સંખ્યામાં સ્ટાફ હાજર રહ્યો હતો.



## ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ વિસ્તારોમાં શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ગામડાઓમાં કલ્પતરુ પાવર દ્વારા તાજેતરમાં શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૪૮૯ બાળકોની આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. કલ્પતરુ પાવર દ્વારા દહેગામ તાલુકાના માચીયાની મુવાડી, છોગાળી, બારાડોલી (બારીયા), ભકતોના મુવાડાની શાળાઓના થઈ કુલ ૪૮૯ બાળકોને શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ચકાસણી કરવામાં આવી હતી. દેવકરણના મુવાડા પ્રાથમિક આરોગ્યને કેન્દ્રને હાલમાં આવરી લીધું છે. આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં ડૉ. બોધાણી, ડૉ.અતુલ પંડયાની ટીમે તબીબી સેવા પુરી પાડી હતી જયારે સંસ્થાના સભ્યો દિનેશભાઈ, મિલિન્દભાઈ તથા સ્ટાફના માણસો હાજર રહ્યા હતા.

# શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થિનીઓ 'ખેલ મહાકુંભમાં' ઝળકી

ગાંધીનગર, તા. ૨૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓ રાજ્ય સરકારના રમત-ગમત વિભાગ દ્વારા આયોજીત ગાંધીનગર તાલુકાકક્ષાની ખેલ મહાકુંભમાં વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ દેખાવ કરી જિલ્લાકક્ષામાં પસંદગી પામી છે.

શાળાની વિદ્યાર્થીનીઓ જાની તુલસી ગોળાફેંકમાં બીજો, પ્રજાપતિ ખુશી ગોળાફેંકમાં પ્રથમ, પટેલ યાત્રી એચ. ઊંચીકૂદમાં પ્રથમ તથા ૧૦૦ મીટર દોડમાં ત્રીજો, વાઘેલા ઈશા ઊંચીકૂદમાં પ્રથમ, પ્રજાપતિ રીયા લાંબીકૂદમાં પ્રથમ, પુરોહિત ફાલ્ગુની લાંબીકૂદમાં ત્રીજો, સૈયદ અરબીના ઊંચીકૂદમાં બીજો, ભાભોર પીનલ ૧૦૦ મીટર દોડમાં બીજો, રાઠોડ પીનલ ગોળાફેંકમાં ચોથો, વાઘેલા શેફાલી ૫૦ મીટર દોડમાં ચોથો, ચૌધરી સોનલ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, દેસાઈ માનસી આર્ચરીમાં બીજો, તથા રાજ્યકક્ષાએ વાઘેલા ઈશા ઊંચીકૂદમાં બીજો તથા પટેલ યાત્રીએ ઊંચીકૂદમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. આ વિદ્યાર્થીનીઓને શાળાના વ્યાયામ શિક્ષક શ્રી દક્ષાબેન પટેલે માર્ગદર્શન આપ્યું હતું. તમામ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્યશ્રી નીરૂબેન જે. પટેલે અભિનંદન પાઠવી આગળની સ્પર્ધાની શુભેચ્છા આપી છે.